ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

**અખબારી યાદી** તા:૧૮/૧૦/૨૦૧૬

પ્રતિ,
તંત્રીશ્રી,
..............................,
ભાવનગર.

## કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા નાના ભુલકાઓ માટે 'ચાલો ચાંદા મામાની સફરે' કાર્યક્રમ યોજાયો.

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર છેલ્લા ૧૪ વર્ષથી ભાવનગર શહેર તથા જિલ્લાની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતરમાધ્યમિક શાળાઓ, કોલેજો, વિવિધ મહિલા મંડળો તથા ખેડુતો માટે અનેકવિધ કાર્યક્રમો દ્વારા વિકસતા વિજ્ઞાનની સમજુતિ સાથે વૈજ્ઞાનિક અભીગમ કેળવાય તેવા સતત પ્રયત્નો કરી રહયુ છે.

જે અંર્તગત કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા તા. ૧૫ ઓકટોબર, ૨૦૧૬ **શરદ પુનમ** નિમીત્તે તખતેશ્વર મંદિર ખાતે આકાશ દર્શનનો કાર્યક્રમ યોજવામાં આવેલ. જેમાં ભાવનગરના જાણીતા ખગોળવિદ પ્રા. સુભાષભાઈ મહેતાએ બાળકોને અવકાશ, ગ્રહો, તારોઓ અને મુખ્યત્વે ચન્દ્ર વિશેની પ્રાથમિક અને રસપ્રદ માહિતીઓથી અવગત કરાવ્યા હતા. ત્યાર બાદ બધાજ બાળકો અને નગરજનોને ટેલિસ્કોપ દ્વારા આકાશ દર્શન કરાવવામાં આવેલ. શરદ પુનમને લીધે પુર્ણ અને વધારે ચમકતા ચન્દ્રને ટેલિસ્કોપથી નીહાળી લોકો મંત્રમુગ્ધ થયા હતા.

બાળકો અને નગર જનો એમ કુલ મળીને લગભગ ૨૦૦થી વધારે લોકોએ ઉપરોકત કાર્યક્રમનો લાભ લીધો હતો.

(હર્ષદ જોષી)
ઓફિસ ઈન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.